કોર્ટ કેસનો સમયસર નિકાલ બાબત

૯૨

ગુજરાત સરકાર,
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:નપક/૨૩૯૮/એસીએ-૬૨/ક,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: 2 0 APR 2002

**વંચાણે લીધા ક્રમાંક:-**

૧. મુખ્ય સચિવશ્રી,ગુજરાત સરકાર,સચિવાલય,ગાંધીનગરના તા.૧૩.૨.૨૦૦૨ ના અ.સ.પત્રાંક:સીએસ/પીપીએસ/કોર્ટ /સે.કે/૨૦૦૨

**પરિપત્ર :-**

મુખ્ય સચિવશ્રી,ગુજરાત સરકાર,ગાંધીનગરના ઉપરાકત વંચાણે લીધેલ ક્રમાંક:૧ ના પત્રથી મુખ્ય સચિવશ્રી કક્ષાએથી સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રીઆનું ધ્યાન દોરવામાં આવેલઇ છે કે, નામ.હાઇકોર્ટમાં પડતર કોર્ટ કેસો અંગે સબંધિત વિભાગ તરફથી પારાવાઇઝ રિમાર્કસ અને એફીડેવીટ સમયમર્યાદામાં મોકલી આપવામાં આવતા નથી. ખાસ કરીને સરકારના વિભાગો અને સબંધિત સરકારી વકીલ/ મદદનીશ સરકારી વકીલ વચ્ચે પત્ર વ્યવહારમાં સમય વ્યતિત થાય છે.સમયસર પારાવાઇઝ રિમાર્કસ/એફીડેવીટ નહીં કરવાને કારણે નામ હાઇકોર્ટને ન્યાય કરવામાં મુશ્કેલી અનુભવવી પડે છે. જેથી હાઇકોર્ટ તરફથી સબંધિત અધિકારીશ્રીની જવાબદારી નકકી કરવા અને સબંધિત અધિકારીના પગારમાંથી કોર્ટ કેસનો ખર્ચ વસુલ કરવા સુચના આપવામાં આવે છે. આવી પરિસ્થિતિ ન બને તે માટે નામ.હાઇકોર્ટ/ સુપ્રીમ કોર્ટના કેસોમાં થયેલ તમામ કેસોમાં નિયત સમય મર્યાદામાં પારાવાઇઝ રીમાર્કસ અને એફીડેવીટ ઇન રીપ્લાય થયેલ ન હોય તેવા તમામ કેસોમાં પારાવાઇઝ રિમાર્કસ સમયસર સરકારશ્રીને તેમજ સરકારી વકીલશ્રીની કચેરીને મોકલવામાં આવે તે બાબતે સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ અઠવાડિયામાં એકવાર તમામ કોર્ટ કેસોની સમિક્ષા કરવી અને જાતે જ દેખરેખ રાખવી તેમ તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને આથી સૂચના આપવામાં આવે છે.

( જી.એચ.મકવાણા )
નાયબ સચિવ,
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ.

પ્રતિ,

- વિકાસ કમિશ્નરશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સચિવાલયના રહસ્ય સચિવશ્રી
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ (~~સમજી~~)
- વિભાગની તમામ શાખાઓ.
- નાયબ સેકશન અધિકારીશ્રી/સિલેકટ ફાઇલ
- શાખા સિલેકટ ફાઇલ.